રાજ્યમાં આવતીકાલે પ્રથમ તબક્કાનુ મતદાન યોજાશે

સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો પર ૯૭૭ ઉમેદવારો વચ્ચે જંગ : ૨.૧૨ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે : રાજ્યમાં પ્રથમવાર ઈવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરાશે

ગાંધીનગર, તા. ૭

આજથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે પ્રચારના પડઘમ શાંત થઈ જવા પામ્યા હતા. ચૂંટણી પંચ દ્વારા તા. ૯મી ડિસેમ્બરે યોજાનારા પ્રથમ તબક્કાના મતદાન માટેની તૈયારીઓ કરી લેવાઈ છે. પ્રથમ તબક્કામાં કુલ ૨.૧૨ કરોડ મતદારો ૯૭૭ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. રાજ્યમાં પ્રથમવાર ઈવીએમ મશીન સાથે વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે.

આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કામાં યોજાઈ રહી છે. જેમાં તા. ૯મી ડિસેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારને આવરી લેતી ૮૯ બેઠકો માટે ૨.૧૨ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. પ્રથમ તબક્કામાં ૧.૧૧ કરોડ પુરૂષ મતદારો અને ૧.૦૧ કરોડ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. જેઓ ૯૭૭ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ કરશે.

પ્રથમ તબક્કાની કેટલીક બેઠકો પર ૧૬ કે તેથી વધુ ઉમેદવારો ઉભા હોવાને કારણે ચૂંટણી પંચે મોટી સાઈઝની મતકુટિરનો ઉપયોગ કરવો પડશે. જ્યાં ૧૬થી ઓછા ઉમેદવારો છે ત્યાં ૨૪X૨૪X૩૦ ઈંચની મતકુટિર વપરાશે પરંતુ જ્યાં ૧૬ કે તેથી વધુ ઉમેદવારો મેદાનમાં છે ત્યાં ૨૪X૩૬X૩૦ ઈંચની વધુ પહોળી મતકુટિરની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યમાં માંડવી (કચ્છ),વઢવાણ, ધોરાજી, જામનગર ગ્રામ્ય, જામનગર ઉત્તર, ખંભાળિયા, બોટાદ અને લિંબાયત એમ કુલ ૮ વિધાનસભા બેઠકો પર આ પ્રકારની મોટી સાઈઝની મતકુટિર વપરાશે.

ચૂંટણી આયોગ દ્વારા દરેક મત વિસ્તાર દીઠ ત્રણ ત્રણ સ્ટેટિક સર્વેલન્સ ટીમની ફાળવણી કરવામાં આવી છે. જે મુજબ હાલ રાજ્યમાં ૬૦૪ સ્ટેટિક સર્વેલન્સ ટીમ તેમજ ૫૫૫ ફ્લાઈંગ સ્કવોડ કાર્યરત છે. આ સાથે તમામ જિલ્લાઓ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ટોલ ફ્રી નંબર સાથે કંટ્રોલરૂમ અને કોલ સેન્ટર પણ કાર્યરત કરાયા છે. પ્રથમ તબક્કાના મતદાન માટે ૧.૧૬ લાખ કર્મયોગીઓને ફરજ સોંપવામાં આવી છે.

શાંતિપૂર્ણ મતદાન માટે ૧.૭૪ લાખથી વધુ પોલીસકર્મીઓ

રાજ્યમાં શાંતિપૂર્ણ મતદાન થાય તે હેતુથી પોલીસતંત્ર દ્વારા ૧.૭૪ લાખથી વધુ પોલીસ અધિકારીઓ તથા જવાનોને તૈનાત કરાયા છે. જેમાં ડીજીપીથી માંડીને પોલીસ કર્મીઓ સુધીનો સમાવેશ થાય છે. આ સાથે રાજ્યમાં આચારસંહિતા ભંગની ૧૩૯ રજૂઆતો પૈકી ૧૨૮ રજૂઆતોનો નિકાલ કરાયો છે અને અન્ય પર કાર્યવાહી ચાલુ છે. મતદાનના એક દિવસ અગાઉથી જ્યાં મતદાન યોજાવાનું છે તે જિલ્લાઓમાં તથા તેની સરહદો સાથે સંલગ્ન રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ ''ડ્રાય ડે'' જાહેર કરાયો છે.

ચૂંટણીપંચે આપેલી ફોટાવાળી મતદાન સ્લીપ પણ ચાલશે

રાજ્યમાં પ્રથમવાર ચૂંટણીપંચ દ્વારા ઈશ્યુ કરાયેલ ફોટાવાળી મતદાતા સ્લીપને મતદાન કરવા માટે અધિકૃત દસ્તાવેજમાં સામેલ કરાઈ છે. મતદાન માટે કુલ ૧૨ દસ્તાવેજો, જેમાં મતદાન ઓળખ કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, સરકારી, જાહેર સાહસની અથવા પબ્લિક લિમિટેડ કંપનીનું કર્મચારી ઓળખ કાર્ડ, એનપીઆરની આરજીઆઈ સ્કીમ હેઠળ અપાયેલ સ્માર્ટકાર્ડ, મનરેગા જોબ કાર્ડ, શ્રમ મંત્રાલયની સ્કીમ હેઠળનું સ્માર્ટ કાર્ડ, ફોટા સાથેનું પેન્શન કાર્ડ, બેંક પાસબુક ઉપરાંત ચૂંટણી પંચે જારી કરેલ ફોટાવાળી મતદાન સ્લીપનો સમાવેશ કરાયો છે. જો કે આ મતદાન સ્લીપમાં ગેરહાજર, સ્થળાંતર કરી ગયેલ અથવા અવસાન પામેલ અંગેની એ.એસ કડી માર્ક કરેલ હોય તો મતદાતાએ બાકીના ૧૧માંથી વધુ એક પુરાવો દર્શાવવો પડશે.

ગુજરાતમાં ભાજપને નોટાનો ડર સતાવે છે

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે આજે ચૂંટણી પ્રચાર બંધ થશે. ત્યારે ભાજપને આ ચૂંટણીમાં પાટીદાર કરતા સુધી વધુ ભય સતત સતાવી રહ્યો હોય તો તે છે NOTA નો ભય.

કારણ કે, ગત લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના મતદારોએ 'નોટા'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની સંખ્યા જ ભાજપને ડરાવી રહી છે. આ સંખ્યા હજારોમાં નહીં પણ લાખોની સંખ્યામાં લોકોએ 'નોટા'નો પ્રયોગ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે આજે સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ શમી જશે. ત્યાર બાદ રાજકીય પક્ષો દ્વારા માત્ર ડોર ટુ ડોર પ્રચાર શરૂ થશે.

આ સંજોગોમાં વિવિધ ચેનલો અને એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા સરવેમાં ભાજપને જે બેઠકો દર્શાવવામાં આવી છે તેમાં તેઓ ગુજરાતની ગાદી સુધી પહોંચી શકે છે. પરંતુ તેના માટે ભાજપે એડીચોટીનું જોર લગાવવું પડે તેમ છે.

ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી સત્તાધારી ભાજપ સામે અનેક પડકારો ઉભા થયા છે. જેમાં પાટીદાર અનામત આંદોલન, દલિત અત્યાચારનો મુદ્દો, ફિક્સ પગારનો મુદ્દો સહિતના અનેક પડકારોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત એન્ટી ઈન્કમબન્સીનો મુદ્દો પણ ચર્ચામાં છે. જેમાં પાટીદાર અનામત આંદોલને ભાજપ સરકારને દોડતી કરી દીધી છે.

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના ૪.૨૦ લાખ મતદારોએ NOTA નો પ્રયોગ કર્યો હતો

ગુજરાતમાં વિધાનસભાની આ ચૂંટણીમાં ભાજપને જો કે ડર સતાવી રહ્યો હોય તો તે પાટીદાર અનામત આંદોલનનો છે. પરંતુ હવે બે દિવસ પછી પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે મતદાન યોજાનાર છે.

આ સંજોગોમાં ભાજપને પાટીદાર કરતા પણ વધુ જે ડર સતાવી રહ્યો છે તે છે 'નોટા'નો. કારણ કે, વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન ગુજરાતમાં ૪.૨૦ લાખ મતદારોએ આ 'નોટા'ના વિશેષાધિકારનો ઉપયોગ કર્યો હતો.

વર્ષ-૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કેન્દ્રની કોંગ્રેસ પ્રેરિત યુપીએ સરકારની સામે એન્ટી ઈન્કમબન્સીનો મુદ્દો તેમજ ગુજરાતી વડાપ્રધાનનો મુદ્દો હોવા છતાં પણ આટલી મોટી સંખ્યામાં મતદારોએ 'નોટા'નો ઉપયોગ કર્યો હતો.

જ્યારે ગુજરાત વિધાનસભાની આ ચૂંટણીમાં ભાજપની સામે એન્ટી ઈન્કમબન્સી, પાટીદાર અનામત આંદોલન, દલિત અત્યાચાર સહિતના મુદ્દા છે. આ તમામ બાબતોને કારણે ભાજપથી નારાજ મતદારો જો આ 'નોટા'ના વિશેષાધિકારનો ઉપયોગ કરી છે.

જેથી વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં 'નોટા'નો ઉપયોગ કરનારા મતદારોની સંખ્યા ૪.૨૦ લાખ હતી.

પરંતુ આ વિધાનસભાની ચૂંટણીમાં 'નોટા'નો ઉપયોગ કરનારા મતદારોની સંખ્યામાં આના કરતા પણ વધી શકે છે. આ બાબત જ આજે ભાજપને સૌથી વધુ સતાવી રહી છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

અંકલ હું છ મહિને નવા ફિચર માટે મોબાઈલ પણ બદલી નાખું છું તો તમે પણ વાયદાના નવા ફિચર આપો... તો મજા આવે...!!

મારી બેનના એક્ટીવાને ટક્કર મારીને કેમ ભાગ્યો ? કહીને ૪૬ હજારની લૂંટ

રીલાયન્સ ઓનલાઈન શોપીંગના ડીલીવરી મેનને શેરથા-કલોલ રોડ ઉપર ટાર્ગેટ બનાવી લોડીંગ રીક્ષા ઉભી રખાવી દીધી : ઝાડીઓમાં લઈ જઈ છરીની અણીએ લૂંટ

ગાંધીનગર, તા. ૭

રીલાયન્સ ઓનલાઈન શોપીંગના ડીલીવરી મેન ચાંદલોડીયાના અજયભાઈ ભરતભાઈ પંચાલ ગઈકાલે સાંજે ઓનલાઈન બુકીંગની ડીલીવરી આપવા લોડીંગ રીક્ષા લઈને શેરથા-કલોલ હાઈવે રોડ ઉપરથી જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ટુ વ્હીલર પર એક શખ્સ ચાલુ વાહને તેમને ગાળાગાળી કરવા માંડ્યો અને કહ્યુ કે તુ મારી બેનના એક્ટીવાને ટક્કર મારીને કેમ ભાગ્યો ? લોડીંગ રીક્ષા ઉભી રાખીને નિર્દોષ અજયભાઈ પંચાલે પોતે કોઈ અકસ્માત કર્યો ન હોવાનું કહેતા તે શખ્સે કહ્યુ કે ચાલ મારા વાહન પાછળ બેસી જા તને બતાવુ ક્યાં ટક્કર મારીને તુ આવ્યો છે..! તેમ કહીને વિશ્વાસમાં લીધા બાદ તે શખ્સ અજયભાઈને ઝાડીઓ તરફ લઈ ગયો અને છરી નીકાળીને 'જે હોય તે આપી દે..!' કહી રૂ. ૪૬ હજાર રોકડની લૂંટ ચલાવી તે શખ્સ ફરાર થઈ ગયો હતો. લૂંટનો ભોગ બનેલા ડીલીવરી મેને અડાલજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે લૂંટની ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

જેનરીક દવાના સ્ટોરમાં દર્દીને જરૂરીયાતવાળી દવા પણ મળતી નથી

ગાંધીનગર, તા. ૭

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના કરોડો નાગરીકોને આરોગ્યલક્ષી સુવિધાઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. રાજ્યના છેવાડાના માનવીને પણ યોગ્ય આરોગ્ય સેવા મળી રહે તે માટે આરોગ્યતંત્રના અધિકારીઓ રાત-દિવસ કામ કરી રહ્યા છે. ત્યારે મોંઘીદાટ દવાઓ જનતાને ખરીદવી ન પડે તે માટે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર ઠેર-ઠેર ખોલવામાં આવ્યા છે. જેમાં નાગરીકોને સારી સસ્તી અને સરળતાથી દવાઓ મળી રહે તે હેતુ તંત્રનો હતો. પરંતુ હકીકત કંઈ જુદી જ ઉભી થઈ છે. પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરમાં દર્દીને જરૂરીયાત હોય તેવી દવાઓ જ ઉપલબ્ધ હોતી નથી. સામાન્ય રોગની દવાઓ લેવા પણ જેનરીક સ્ટોરના વારંવાર ધક્કા ખાવાનો નાગરીકોને વારો આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં સ્થિત જેનરીક દવાનો સ્ટોર માત્ર શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યો છે. જેને પગલે સામાન્ય નાગરીકોમાં જેનરીક દવાના સ્ટોરને લઈ રોષ ભભુક્યો છે.

ગુજરાત રાજ્યની જનતાને સારી અને સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ દર્દીઓને મળી રહે તે માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર ખોલવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ સિવિલ કેમ્પસ સહિત અન્ય ૩ સ્થળો પર જનઔષધી સ્ટોર છે. જેમાં હાર્ટ સંબંધિત, મગજ સંબંધિત, તાવની દવા, એલર્જીની દવા, આંખ અને કાનની દવા, એનિમિયાની દવા, દર્દ નિવારક દવા, એન્ટી ડાયાબિટિસ દવા, ઉધરસ અને શરદીની દવાઓનો સમાવેશ થાય છે. જેનરીક દવાના સ્ટોરમાં પ્રારંભિક તબક્કામાં દવાઓ નાગરિકોને મળી છે. પરંતુ ત્યારબાદ દવાઓ મહિનો વિત્યો હોવા છતા મળતી નથી. દવા આવી નથી, આવશે, ક્યારે આવશે, સહિતના પ્રશ્નો રોજ જેનરીક દવાના સ્ટોર અને દર્દીઓ સાથે થતા રહે છે. જેનરીક દવા ખરીદવા માટે રીતસરના ધક્કા નાગરીકોને ખાવા પડે છે. જેનરીક સ્ટોર શોભાના ગાંઠીયા સમાન બની જતા નાગરીકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ૨૪ કલાક શરૂ રહેતા સ્ટોરમાં દવાઓ પુરતી હોતી નથી. ગાંધીનગર સિવિલમાં રાત્રીના સુમારે આવતા દર્દીઓને દવા ન મળતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે જેનરીક દવાના સ્ટોરમાં દર્દીઓને જરૂરીયાત પુરતી દવા મળી રહે તેવી લાગણી અને માંગણી ગાંધીનગરના નાગરીકોની છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૨૪ કલાક જેનરીક સ્ટોર ખુલ્લો રહેતા અન્ય મેડીકલ સ્ટોર રાત્રે ૧૨ કલાકે બંધ થઈ જાય છે. જ્યારે રાત્રીના સમયે તાત્કાલિક વિભાગમાં આવતા દર્દીઓ માટે ડૉક્ટર દ્વારા લખી આપવામાં આવતી દવા લેવા જેનરીક સ્ટોરમાં દર્દીનો સ્નેહીજન જાય ત્યારે નથી તેવો જવાબ સાંભળવા મળે છે. જેથી દર્દીને દિવસ ઉગે અને મેડીકલ ખુલે તેની રાહ જોવી પડે છે. ત્યારે નાગરિકોની માંગ છે કે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં પહેલાની જેમ ૨૪ કલાક એક મેડીકલ સ્ટોર ખુલ્લો રાખવામાં આવે.

ગાંધીનગર શહેરમાં ચૂંટણી પ્રચાર ભાજપ દ્વારા તેજ કરી દેવાયો છે. ત્યારે ભાજપ યુવા મોરચા દ્વારા આજે સે. ૧ ગાયત્રી મંદિરથી બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈકરેલીમાં કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ગાયત્રી મંદિરથી પ્રસ્થાન થયેલી બાઈકરેલી સે. ૧ થી ૮ ના વિવિધ માર્ગો પર ફરીને પ્રચારકાર્ય કર્યુ હતુ. આ રેલીમાં ભાજપના અગ્રણી હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપની બાઈકરેલીને દરેક સેક્ટરમાં મતદારો તરફથી ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો.

બે વર્ષથી વોન્ટેડ ચીટીંગના ગુનાનો આરોપી ઝડપાયો

એસ.ઓ.જી.ની ટીમે સે-૨૧ આર વર્લ્ડ પાસેથી આરોપીને દબોચી લીધો

ચુંટણી અનુસંધાને નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી જિલ્લા એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમો આરોપીઓને પકડી પાડવા ફરી રહી છે ત્યારે આજે વધુ એક વોન્ટેડ આરોપીને એસઓજીની ટીમે બાતમીને આધારે સે-૨૧ આર વર્લ્ડ પાસેથી દબોચી લીધો છે. નરોડા પોલિસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૫માં આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ હેઠળ દહેગામના કપિલ ગોપાલદાસ સાધુ નામના શખ્સ સામે ગુનો નોંધાયો હતો. આ શખ્સ સે-૨૧ આર વર્લ્ડ સિનેમા ગૃહ પાસે આવ્યો હોવાની બાતમી આધારે એએસઆઈ જી.ડી. પરમાર તથા ટીમે તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લીના વંચિતોને ગાંધીનગરના સેવા સૈનિકોની હૂંફ

શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અરવલ્લી જિલ્લાની ૪૧ શાળાના ૩ હજાર જેટલા બાળકોને ગરમ વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શિયાળાની ઠંડીમાં અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારના વંચિતોને તાજેતરમાં ગરમ વસ્ત્રોનું વિતરણ કરવાનું સદકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સદકાર્ય થકી અરવલ્લી જિલ્લાના ત્રણ તાલુકાની ૪૧ સ્કૂલોના આશરે ૩ હજાર બાળકોને 'હૂંફ' પુરી પાડવામાં આવી હતી.

શિયાળાની કડકડતી ઠંડીમાં ઝુંપડામાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના પરિવારોની હાલત કફોડી થવા પામે છે એમાં પણ 'ઓખી' વાવાઝોડાના પગલે બદલાયેલા મૌસમમાં ઠંડીનું પ્રમાણ અચાનક જ વધી જવા પામ્યું છે. આ પરિસ્થિતિમાં શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાની અંતરિયાળ વિસ્તારની ૪૧ શાળાઓ, બાલવાડીઓ, આશ્રમશાળાઓ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૩ હજાર જેટલા બાળકોને ગરમ વસ્ત્રો આપી હાડ થીજાવતી ઠંડીમાં રક્ષણ મળી રહે તે હેતુથી પ્રયાસ કરાયો હતો. આ ગરમ વસ્ત્રોમાં ટોપીઓ, સ્કાફ અને અન્ય ગરમ વસ્ત્રોનો સમાવેશ થાય છે. આ વસ્ત્રોને સેવા સૈનિકો અરૂણ બુચ, મયુર વ્યાસ, શશીકાંત મોઢા અને નિલેન્દુ વોરા વગેરેએ રૂબરૂ જઈને વિતરણ કર્યુ હતું. આ કાર્યમાં તેમને મોડાસામાં ડૉ. ટી.બી. પટેલ, કિરિટભાઈ, મેઘરાજના બદાભાઈ અને ગગાબેન ગામિતે જોડાઈ સહાય કરી હતી. આ ઉપરાંત મેઘરજ તાલુકાની મેઘરજ સેવા મંડળની ૧૨ શાળાઓ, બાલવાડી પાંચ તથા રાજસ્થાન સરહદ નજીકના ૯ શાળાના તમામ બાળકોને બદાભાઈ, ગાંડાબેન, લાલુભાઈ આંબલીયા તથા મેઘરજ સેવા મંડળીના મોતીસિંહ જોડાયા હતા. આગામી દિવસોમાં ગાંધીનગર ખાતેની શાળાઓ, સરકારી હોસ્પિટલ તથા અન્ય વિકાસનું કામ કરતા શ્રમિકોને સહાય પહોંડવામાં આવશે.

સુરક્ષાદળોના જવાનોની સમર્પિત ભાવનાનો ઋણ સ્વીકાર

ગાંધીનગર, તા. ૭

ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે સુરક્ષા દળોના જવાનોની સમર્પિત ભાવનાનો ઋણ સ્વીકાર કરી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વતી સૈનિક કલ્યાણ નિધિમાં આજે મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે મુખ્યમંત્રીનો વ્યકિતગત ફાળો અર્પણ કર્યો હતો.

વિજયભાઈ રૂપાણી વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત હોઈ તેમનો શુભેચ્છા પત્ર પણ મુખ્યમંત્રીના સચિવે સૈનિક કલ્યાણ બોર્ડના અધિકારીઓને આપ્યો હતો.

મુખ્યમંત્રીએ સૌ નાગરિક ભાઈ-બહેનોને ઉદાર હાથે ફાળો આપી માતૃભૂમિની રક્ષા કરતા વીરગતિને વરેલા સેનાના જવાનો અને તેમના પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા પણ આ શુભેચ્છા પત્રમાં અપીલ કરી છે.

ગુજરાત સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક બી. વી. રાણા સાથે એન.સી.સી. કેડેટસે આ ફાળો સ્વીકાર કર્યો હતો.

ભાજપાના રાજમાં ગુજરાત કરફ્યુમુક્ત : અમિત શાહ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર્ર્થે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ચાર જાહેરસભાઓ સંબોધી હતી. કડાણાથી પ્રારંભ થયેલી તેમની પ્રચાર યાત્રા ખેરાલુ પહોંચી હતી અને ખેરાલુ ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીને જંગી બહુમતિથી વિજય બનાવવા તેમણે અપીલ કરી હતી. અમિત શાહે ખેરાલુ ખાતે જાહેરસભાને સંબોધતા કહ્યું હતું કે, ૯મી અને ૧૪મી ડિસેમ્બરના રોજ ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકોની ચૂંટણી પુરી થશે. ૧૮મી ડિસેમ્બરે મતગણતરી થશે અને ૧૫૦ બેઠકો સાથે નવી સરકાર ૨૦મી ડિસેમ્બરે કાર્યરત થશે. ગુજરાતમાં જ્યારે ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસના સત્તાના સપના આવે છે. કોંગ્રેસ જુઠ્ઠાણાઓ ફેલાવીને સામાજમાં ભ્રમ ફેલાવે છે. મતગણતરીના દિવસે બપોરે ૧૨ વાગે પરિણામ સ્પષ્ટ થઈ જશે. ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ અને ૨૦૧૪ની જેમ ૨૦૧૭માં પણ જનતા જનાર્દન ભાજપને જીત અપાવીને કોંગ્રેસને પરાસ્ત કરશે. અમિત શાહે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપને મળેલી સફળતા કોંગ્રેસને પરિણામ સુધી રાહ જોવાની પળોમાંથી મુક્તિ અપાવી દીધી છે. ઉત્તરપ્રદેશની જનતાએ આપેલા પરિણામો દેશની જનતાના મૂળ બતાવે છે. રાહુલ ગાંધી જ્યાં સંસદ સભ્ય છે તે અમેઠી મ્યુનિસિપલમાં ભાજપ જીતી ગયું છે.